ગુજરાતમિત્ર

# રિવાઇન્ડ 2025

વર્ષની આખી વાત, એક નજરમાં

બુધવાર ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫



જૂનું વર્ષ આવે છે અને જાય છે. તેવી જ રીતે નવું વર્ષ આવે છે અને તે જૂનું થતું જાય છે. પરંતુ દરેક વર્ષ તેની સાથે હર્ષ અને આંસુ બંને છોડતા જાય છે. વિતેલા વર્ષની વાત કરીએ તો આ વર્ષ સાયબર માફિયાઓનું રહ્યું હતું. ખાસ કરીને વૃદ્ધોને ડિજિટલ એરેસ્ટ કરીને રૂપિયા પડાવવાની નવી પદ્ધતિ અમલમાં આવી હતી. તો નકલી ચીજોની પણ બોલબાલા રહી હતી. નકલી ઘી, નકલી પનીર અને નકલી માખણનો મોટા પાયે જથ્થો ઝડપાયો હતો તો બીજી તરફ કોલ્પ પ્લે કન્સર્ટ જેવી ઇવેન્ટ પણ એક યાદ છોડી ગઇ છે. સાથે સાથે પારિવારિક ઝઘડામાં હિંસા થતી રહી હતી તો પોલીસ અને બદમાશો વચ્ચે ફાયરિંગની ઘટના પણ આકાર પામી હતી.

## ગુજરાતની સૌથી ગંભીર દુર્ઘટનામાં ગંભીરા બ્રિજ તૂટી પડતાં 19નાં મોત



વડોદરા-આણંદ વચ્ચે આવેલો ગંભીરાબ્રિજ 9મી જુલાઈએ તૂટી પડતાં 21 લોકોએ જીવ ગુમાવ્યા હતાં. સત્તાવાળાઓના કહેવા પ્રમાણે આ બ્રિજ 1985માં ખુલ્લો મુકાયો હતો. આ દુર્ઘટનામાં જવાબદાર જણાયેલાં અધિકારીઓ એન. એમ. નાયકાવાલા, કાર્યપાલક ઇજનેર, યુ.સી. પટેલ, નાયબ કાર્યપાલક ઇજનેર અને આર.ટી.પટેલ, નાયબ કાર્યપાલક ઇજનેર તથા જે.વી.શાહ, મદદનીશ ઇજનેરને તાત્કાલિક અસરથી ફરજમોકૂફ કરી દેવાયા હતાં. આ ઘટના બાદ રાજ્યના તમામ બ્રિજના સ્ટેબિલિટી રિપોર્ટ ચેક કરવામાં આવ્યા હતાં. આ દુર્ઘટના બની ત્યારે બ્રિજ ઉપર અનેક વાહનો હતા જે પાણીમાં ગરક થઇ ગયા હતાં. આ ઘટનામાં એક ટ્રક બ્રિજ ઉપર ત્રણથી ચાર દિવસ સુધી લટકતો રહ્યો હતો. ટ્રકમાં રહેલું સલ્ફ્યુરિક એસિડ સ્પ્રેઇડ થતું હોવાથી રેસ્ક્યૂમાં મુશ્કેલી પડી હતી.

### રિવાઇન્ડ 2025

**ગુજરાત ટાઇટન્સના ચાર ક્રિકેટરને ઇડીનું સમન્સ :** શુભમન ગીલ, સાંઇ સુદર્શન, રાહુલ તેવટિયા અને મોહિત શર્માને ઇડીએ સમન્સ પાઠવ્યું હતું

**ગોધરાની આગ :** બામરોલી રોડના વૃંદાવન નગરમાં આગ લાગતા એક જ પરિવારના ચાર લોકોના મોત થયા હતાં.

**બોટાદમાં ઘર્ષણ :** બોટાદ માર્કેટ યાર્ડમાં ખેડૂતોનું શોષણના વિરોધમાં આપ અને ખેડૂતોએ યોજેલી મહાસભામા પથ્થરમારો થયો હતો અને પોલીસના વાહનો ઊંધા વાળી દેવાયા હતાં.

**ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ :** તરીકે જગદીશ વિશ્વકર્માની જાહેરાત કરવામાં આવી હતી. (ફોટો જગદીશ વિશ્વકર્મા)

**સેટેલાઇટ ટાઉન:** રાજ્યના પાંચ ટાઉનને સેટેલાઇટ જાહેર કરવામાં આવ્યા હતાં જેમાં સાણંદ, બારડોલી, હિરાસર, કાલોલ અને સાવલીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ડિજિટલનો પ્રથમ કેસ :** જુનાગઢમાં નોંધાયો હતો જેમા તલાટી જયદીપ ચાવડા લગ્નનું મેમોરેન્ડમ આપવા માટે QR કોડથી 1500ની લાંચ લેતા ઝડપાયા હતાં.

**112 જનરક્ષક હેલ્પલાઈન :** નો પ્રારંભ કરવાથી હવે પોલીસનો 100, ફાયર બ્રિગેડનો 101, એમ્બ્યુલન્સનો 108, મહિલા અભયમનો 181 અને સાયબર હેલ્પલાઈનનો 1930 નંબરને બદલે 112 નંબર જ યાદ રાખવાનો રહેશે

### 9 નવી મહાનગર પાલિકાને કેબિનેટની મંજૂરી

નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ એમ કુલ ૯ નગરપાલિકા મહાનગરપાલિકા તરીકે કાર્યરત કરાશે. હવે રાજ્યમાં ૧૭ મહાનગરપાલિકા અને ૧૪૯ નગરપાલિકા થઈ છે.

**સ્થાનિક ચૂંટણીમાં ભાજપનો જયજયકાર :** રાજ્યમાં 68માંથી 60 નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે વિજય મેળવ્યો હતો, જેમાં એકમાત્ર સલાયા નગરપાલિકા કોંગ્રેસને ફાળે ગઈ હતી. રાજ્યમાં બે નગરપાલિકા સપાએ કબજે કરી હતી. તો પાંચમાં કોઈ સ્પષ્ટ પરિણામ આવ્યું ન હતું.

**3.70 લાખ કરોડનું બજેટ :** ગુજરાત સરકારનું 11.36 ટકાના વધારા સાથે 3.70 લાખ કરોડનું બજેટ રજૂ થયું હતું. 859 કરોડની પુરાંત સાથે રજૂ થયેલા રાજ્યના બજેટમાં 148 કરોડની કરવેરા રાહત મળી હતી. હાઇસ્પીડ કોરિડોર-બે એક્સપ્રેસ વે બનશે, એરપોર્ટનાં વિસ્તરણો કરાશે વિકસિત ગુજરાત@2047 માટે 50 હજાર કરોડનું ફંડ મળશે.

**મોડાસામાં એમ્બ્યુલન્સમાં જ 4 ભડથું :** ખાગી એમ્બ્યુલન્સમાં બનેલી આ ઘટનામાં આગનું કારણ અકબંધ રહ્યું હતું.

- **ડિજિટલ એરેસ્ટ કરી મહિલા તબીબ પાસેથી 19 કરોડ પડાવાયા**
- **પૂર્વ MLA કોટડિયા, પૂર્વ SP જગદીશ પટેલ સહિત 14ને આજીવન કેદ**
- **ઇડીએ રૂ.1646 કરોડનું અત્યાર સુધીનું સૌથી મોટું ક્રિપ્ટો ફંડ જપ્ત કર્યું**
- **ગીરના એશિયાટિક સિંહોની સંખ્યા વધીને 891 થઈ**



- **ધારાસભ્યોની ગ્રાન્ટ રૂપિયા 1.50 કરોડના બદલે 2.50 કરોડ કરાઈ**
- **જમીન ફાળવણી કૌભાંડમાં કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્માને કોર્ટે પાંચ વર્ષની સજા**
- **અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી 37.2 કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો**
- **ગોંડલમાં જાતિવાદનો ભડકો, અલ્પેશ કથિરીયાની કાર પર હુમલો**

### ચંડોળા તળાવના લલ્લુ બિહારીની કાલી બસ્તીનો સફાયો



અમદાવાદ: અમદાવાદમાં મીની બાંગ્લાદેશ ગણાતા ચંડોળા તળાવ વિસ્તારમાં મેગા ઓપરેશન હાથ ધરાયું હતું. કબજો જમાવીને બેઠેલા લલ્લુ બિહારી ઉર્ફે મહેમુદ પઠાણના ફાર્મ હાઉસને પણ તોડી પાડવામાં આવ્યું હતું. આ ફાર્મમાંથી 20થી વધુ લક્ઝુરિયસ કાર, ઘોડા અને પક્ષીઓ પણ મળી આવ્યા હતા. જો કે લલ્લુ બિહારી નાસી છૂટયો હતો. જયારે તેના પુત્ર ફતેહની ધરપકડ કરી લેવામાં આવી છે. - અમદાવાદ ચંડોળા તળાવના 3000 ગેરકાયદે બાંધકામ ધ્વસ્ત કરી દેવાયા.

### ડીસામાં ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં 21નાં મોત



### ગુજરાતના દરિયા કાંઠેથી ફરી એક વખત 1800 કરોડનું ડ્રગ્સ જપ્ત કરાયું



ગાંધીનગર : ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડની ટીમે ગુજરાતના પોરબંદર નજીકના દરિયાકાંઠે ઓપરેશન હાથ ધરીને ગુજરાતની જળ સીમામાંથી અંદાજે 311 કિલો કિંમત રૂપિયા 1800 કરોડનો ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો.

### ભાજપના આંતરિક ડખામાં પોલીસે પાટીદાર યુવતીનો વરઘોડો કાઢતા આક્રોશ

ગાંધીનગર: અમરેલીના ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરિયા પર 40 લાખનો હપ્તો લીધાનો આક્ષેપ કરતી એક પત્રિકાના મામલે પોલીસે એક કોમ્પ્યુટર ઓપરેટર પાટીદાર યુવતીની ધરપકડ કરી લેતાં ભારે હોબાળો મચી ગયો હતો. પત્રિકા કાંડમાં પોલીસે પાટીદાર યુવતીનો વરઘોડો કાઢ્યો હતો. જો કે, ગાંધીનગરમાં કેબિનેટ પ્રવક્તા ઋષિકેશ પટેલે આ યુવતીને રિકન્સ્ટ્રક્શન માટે લઈ જવાઈ હોવાનું કહ્યું હતું.

### કોમનવેલ્થ ગેમ્સ 2030 માટે યજમાન તરીકે ગુજરાતની પસંદગી

સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં કોમન વેલ્થ માટેની મિટિંગમાં 2030 કોમનવેલ્થ ગેમ્સના યજમાનની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતના અમદાવાદને યજમાન તરીકે પસંદ કરવામાં આવ્યું છે. આ યજમાની ભારત માટે પણ ખાસ છે કારણ કે 2030 કોમનવેલ્થ ગેમ્સની 100મી વર્ષગાંઠ પણ ઉજવશે. કોમનવેલ્થ ગેમ્સની યજમાનીમાં બે દાયકા પછી ભારતમાં પરત ફર્યું છે.



### ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં 'લાલો' મૂવીએ નવી દિશા આપી



ગુજરાતી ફિલ્મ લાલાએ બોક્સ ઓફિસના તમામ રેકોર્ડ તોડી ઢોલીવુડને નવી દિશા આપી છે. 11 નવેમ્બર સુધીમાં આ ફિલ્મે 111 કરોડના કલેકશનનો રેકોર્ડ પાર કરી નાંખ્યો હતો. આ ફિલ્મ અંકિત સખિયા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને તેમાં લાલો (રિક્ષા ડ્રાઈવર)નું પાત્ર કરણ જોશી, તુલસીનું પાત્ર રિવા રાછ અને કૃષ્ણનું પાત્ર શ્રુહદ ગોસ્વામીએ ભજવ્યું હતું. આ ફિલ્મની રચના મિત્રોઓ એકઠા થઈને કરી હતી, જે પછી તેની સાથે મોટા બેનર્સ જોડાયા હતા. જેમાંથી એક માનસિક પરિખનું સોલસૂત્ર પણ હતું.

### ઓપરેશન સિંદૂર પહેલા દક્ષિણ ગુજરાતમાં બ્લેકઆઉટ, સાયરન વાગ્યાં



પહેલગામના આંતકી હુમલા બાદ ઊભી થયેલી ભારત- પાકિસ્તાન વચ્ચેની તણાવભરી સ્થિતિમાં સુરતમાં પણ દેશના અન્ય શહેરોની સાથે મોકડ્રીલ ઓપરેશન અભ્યાસ હાથ ધરવામાં આવ્યું હતું. યુદ્ધ જેવી સ્થિતિમાં કઈ રીતે બચવું સહિતની મોકડ્રીલ યોજાઈ હતી. સુરત શહેરમાં બપોરે 4 વાગ્યે 51 સ્થળે સાયરન વગાડવામાં આવ્યા હતા જે બાદ ઢળતી સાંજે 7.30 કલાકે સુરત, નવસારી, ડાંગ, ભરૂચ, તાપી જિલ્લામાં અંધારપટ સાથે મોકડ્રીલ કરાઈ હતી. સુરતમાં સરકારી કચેરીથી લઈ ખાનગી ઓફિસો, ઘરોની લાઇટો બંધ રહી હતી અને સાથે સ્ટ્રીટલાઈટો પણ બંધ રાખી મોકડ્રીલનું આયોજન કરાયું હતું. ભારતે હાથ ધરેલા ઓપરેશન સિંદૂર બાદ ગુજરાત હાઈ એલર્ટ પર રહ્યું હતું. સુરક્ષાને ધ્યાને લઈ ભૂજ અને રાજકોટ એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા હતા. ભૂજ એરપોર્ટનો કબજે બીએસએફ અને સીએસઆઈએફ દ્વારા લઈ લેવામાં આવ્યો હતો. પોલીસ કર્મીઓની રજા રદ કરી વહેલી તકે હાજર થવા ફરમાન કરાયું હતું. ગુજરાતના બોર્ડરના જિલ્લાઓમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી. યુદ્ધની સ્થિતિમાં સરકારી કર્મચારીઓની રજા રદ, 7 એરપોર્ટ બંધ કરાયા યુદ્ધ જેવી તણાવભરી સ્થિતિમાં રાજ્ય સરકારે તમામ સરકારી કર્મચારીઓની રજા રદ કરી દીધી હતી. તબીબો અને પેરામેડિકલ સ્ટાફને પણ પરત ફરવા આદેશ કરાયો હતો. ગુજરાતમાં મુન્દ્રા, જામનગર, રાજકોટ, પોરબંદર, કેશોદ, કંડલા, ભુજ એરપોર્ટ પર નોટિસ ટુ એરમેન જારી પેસેન્જર ફ્લાઈટ માટે બંધ કરાયું હતું. ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામ જાહેર થાય તે પહેલા પાકિસ્તાન દ્વારા કચ્છમાં 6 જેટલા ડ્રોન અને મિસાઈલ વડે હુમલો કરવામાં આવ્યો હતો. ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તેને તોડી પાડવામાં આવ્યો હતો. યુદ્ધ વિરામ પછી પણ પાકિસ્તાને કચ્છમાં 12 ડ્રોન છોડ્યા હતા.

### પાવાગઢનો રોપ વે તૂટતા 6નાં મોત



પંચમહાલમાં આવેલા પાવાગઢના પ્રસિદ્ધ શક્તિપીઠ ખાતે શનિવારે માલવાહક રોપ વે તૂટી પડવાની ઘટના બની છે, જેમાં 6 લોકોનાં મોત થયાં હતાં. પંચમહાલમાં આવેલા પાવાગઢના પ્રસિદ્ધ શક્તિપીઠ ખાતે 6 સપ્ટેમ્બરે માલવાહક રોપ વે તૂટી પડવાની ઘટના બની હતી, જેમાં 6 લોકોનાં મોત થયાં હતાં. આ દુર્ઘટનામાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. મૃતકોમાં 2 લિફ્ટ ઓપરેટર, 2 શ્રમિક અને અન્ય 2 લોકોનો સમાવેશ થતો હતો.

### દાહોદ મનરેગા કૌભાંડ: ભાજપના કેબિનેટ મંત્રી બચુ ખાબડના બે પુત્ર અને તત્કાલીન ટીડીઓની ધરપકડ



દાહોદ જિલ્લામાં મનરેગાના 71 કરોડના કૌભાંડમાં 35 એજન્સી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. માત્ર કાગળ પર થયેલા કામોના કૌભાંડમાં રાજ્ય સરકારના કેબિનટ મંત્રી બચુ ખાબડના પુત્ર બળવંત ખાબડ અને તે સમયના ટીડીઓની ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ મંત્રીના બીજા પુત્ર કિરણ ખાબડની પણ ધરપકડ કરવામાં આવી હતી.

### વિમાન દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું મોત



અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં વિમાનમાં સવાર રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું હતું. તેઓ દીકરી અને પત્નીને મળવા લંડન જઈ રહ્યા હતા.

### અલ કાયદાના ચાર ત્રાસવાદીઓને ઝડપી લેતી ગુજરાત ATS



સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી યુવાનોને ત્રાસવાદી સંગઠન અલ કાયદામાં જોડવાના પ્રયાસમાં ગુજરાત ATSએ દેશવ્યાપી દરોડા પાડ્યા હતાં. જેમાં અલ કાયદા સાથે સંકળાયેલા અમદાવાદના બે અને મોડાસાના બે ત્રાસવાદીને ઝડપી પાડ્યા. આ મલ્ટી સ્ટેટ ઓપરેશનમાં કેન્દ્રિય એજન્સીઓ, દિલ્હી પોલીસ સ્પે. સેલ અને યુપી પોલીસની પણ મદદ લેવામાં આવી હતી.

### ફરજિયાત હેલમેટનો કાયદો માત્ર કાગળ પર જ રહ્યો



ગુજરાતમાં હેલમેટ પહેરવા પર રાહતની જાહેરાત કરવામાં આવી હતી. પોલીસે એક મહિના સુધી દંડને બદલે ગુલાબ આપવાનું નક્કી કર્યું હતું. રાજ્યમાં હેલમેટના કાયદાનો ભારે વિરોધ થતાં અંદરખાને આ જાહેરત કરવામાં આવી હતી. હેલમેટના કાયદા સામે રાજકોટ અને સુરતના ધારાસભ્યોએ મુખ્યમંત્રી અને ગૃહરાજ્ય મંત્રીને રજૂઆત કરી હતી.

### કોલ્ડ પ્લેના ક્રિસ માર્ટીને ગુજરાતીઓને ઝુમાવ્યા

અમદાવાદઃ અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે તા.25 અને 26 જાન્યુઆરીએ જગવિખ્યાત કોલ્ડ પ્લે કોન્સર્ટે અમદાવાદ સહિત શહેરભરના લોકોમાં ઘેલું લગાડ્યું હતું. ક્રિસ માર્ટીને સોંગ ગાતા જ યુવાઓ ઝૂમી ઊઠ્યા હતા. સ્ટેજ પર આવતાં જ ક્રિસ માર્ટીને કહ્યું હતું કે, આપકા બહુત સ્વાગત હૈ. આ કાર્યક્રમ જોવા આવેલા યુવાનોને ખાસ ગોગલ્સ આપવામાં આવ્યા હતા. જેમણે ગોગલ્સ પહેરી અનેરી આતશબાજી નિહાળી હતી.

### નવા કેબિનેટ મંત્રાલયની જાહેરાત, હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવાયા



ગુજરાતમાં નવા મંત્રી મંડળની જાહેરાત કરવામાં આવી. જેમાં સુરતના મજૂરા વિધાનસભાના ધારાસભ્ય હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા ઉપરાંત તેમને ગૃહખાતાનો પણ સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો હતો જ્યારે કનુદેસાઇને નાણા ઉપરાંત શહેરી વિકાસ ખાતું ફાળવવામાં આવ્યું હતું. જ્યારે કુંવરજી બાવળિયાને મંત્રી મંડળમાંથી હટાવી તેમના સ્થાને ડો. જયરામ ગામીતને મંત્રી બનાવવામાં આવ્યા હતા ઉપરાંત ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલનું મંત્રી પદ ગયું હતું અને કોળી સમાજમાંથી અંકલેશ્વરના ઇશ્વર પટેલને મંત્રી મંડળમાં સમાવવામાં આવ્યા હતાં. તેવી જ રીતે સુરતના પ્રફુલ્લ પાનશેરિયાને શિક્ષણના સ્થાને આરોગ્યમંત્રી બનાવાયા હતા જ્યારે ગણદેવીના નરેશ પટેલને મંત્રીમંડળમાં સમાવાયા હતા. મધ્ય ગુજરાતમાંથી રમણભાઇ સોલંકી, કમલેશ પટેલ, સંજય મહિડા, રમેશ કટારા અને મનિષા વકીલનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### રાજ્યમાં બે દિવસના વાવાઝોડું-માવઠાના કારણે 14નાં મોત, રાજ્ય સરકારે સૌથી મોટું રાહત પેકેજ જાહેર કરવું પડ્યું



રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યભરમાં બે દિવસ કમોસમી વરસાદ ખાબક્યો હતો. આંધી તોફાન સાથે માવઠાના કારણે રાજ્યમાં કુલ 14 લોકોના મોત નીપજ્યા હતા. જેમાં રાહત માટે રાજ્ય સરકારે 11200 કરોડનું રાહત પેકેજ જાહેર કરવું પડ્યું હતું.